# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-07-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : WEDNESDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.**

*****************************************************

1) આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદના મુદ્દાઓ પર સહેજ પણ સમાધાનકારી વલણ ન અપનાવવા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનને ભારતની અપીલ
2) સમોસા, જલેબી અને લાડુ જેવા ખાદ્ય ઉત્પાદનો પર ચેતવણી લેબલ જારી કરવાના મીડિયા રિપોર્ટ્સને આરોગ્ય મંત્રાલયે પાયાવિહોણા ગણાવીને ફગાવ્યાં
3) ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની બિનજરૂરી મુસાફરી ટાળવા ચેતવણી જાહેર કરી
4) પ્રખ્યાત ફિલ્મ નિર્માતા સત્યજીત રેની પૈતૃક મિલકત તોડી પાડવાના નિર્ણય પર પુનર્વિચાર કરવા બાંગ્લાદેશને ભારતની અપીલ
5) જાપાન ઓપન સુપર 750 ટુર્નામેન્ટમાં આજે ભારતના ટોચના બેડમિંન્ટન ખેલાડીઓ તેમના અભિયાનનો પ્રારંભ કરશે.

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# JAISHANKAR-SCO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભાર મૂક્યો છે કે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશને આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદના મુદ્દાઓ પર સહજે પણ સમાધાનકારી વલણ અપનાવવું જોઈએ નહીં. ડૉ. જયશંકરે ગઈકાલે સાંજે ચીનના તિયાનજિનમાં SCO વિદેશ મંત્રીઓની પરિષદની બેઠકમાં ભાગ લીધો હતો. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા મંત્રીએ કહ્યું કે, ધાર્મિક વિભાજનના બીજ વાવવાના ઈરાદાથી જમ્મુ અને કાશ્મીરના પ્રવાસન અર્થતંત્રને નબળું પાડવા માટે આ ઇરાદાપૂર્વક કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે વર્તમાન અવ્યવસ્થા પર પ્રકાશ પાડતા ડૉ. જયશંકરે કહ્યું કે, આર્થિક અસ્થિરતા વધી રહી છે. તેમણે કહ્યું કે, ભારતે SCOમાં સ્ટાર્ટઅપ અને નવીનતાથી લઈને પરંપરાગત દવા અને ડિજિટલ જાહેર માળખા સુધીના ક્ષેત્રોમાં ઘણી પહેલ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . .

# HEALTH MINISTRY - STREET FOOD

સમોસા, જલેબી અને લાડુ જેવા ખાદ્ય ઉત્પાદનો પર ચેતવણી લેબલ જારી કરવાનો આરોગ્ય મંત્રાલયે નિર્દેશ આપ્યો છે તેવા મીડિયા રિપોર્ટ્સને સરકારે ફગાવી દીધા છે. આરોગ્ય મંત્રાલયે, એક નિવેદનમાં કહ્યું કે, આ મીડિયા રિપોર્ટ્સ ભ્રામક, ખોટા અને પાયાવિહોણા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, લોબી, કેન્ટીન, કાફેટેરિયા, મીટિંગ રૂમ જેવા વિવિધ કાર્યસ્થળોમાં બોર્ડ પ્રદર્શિત કરવા અંગે સલાહ એટલે આપવામાં આવી છે જેથી વિવિધ ખાદ્ય પદાર્થોમાં છુપાયેલી ચરબી અને વધુ પડતી ખાંડના હાનિકારક વપરાશ અંગે જાગૃતિ લાવી શકાય. આ બોર્ડ સ્થૂળતા સામે લડવા માટે દૈનિક રીમાઇન્ડર તરીકે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આરોગ્ય મંત્રાલયની એડવાઇઝરી વિક્રેતાઓ દ્વારા વેચાતા ખાદ્ય ઉત્પાદનો પર ચેતવણી લેબલ જારી કરવાનું નિર્દેશિત કરતી નથી, અને ભારતીય નાસ્તાને ભારતના સમૃદ્ધ સ્ટ્રીટ ફૂડ સંસ્કૃતિને લક્ષ્ય બનાવતી નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRAN-INDIANS ADVISORY

ઈરાનમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની બિનજરૂરી મુસાફરી ટાળવા વિનંતી કરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી આ ક્ષેત્રમાં વધતી સુરક્ષા ચિંતાઓ વચ્ચે આ મુસાફરી ચેતવણી જારી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની બિન-આવશ્યક મુસાફરી કરતા પહેલા પરિસ્થિતિનો કાળજીપૂર્વક વિચાર કરવાની સલાહ આપી છે. તેણે નવીનતમ પ્રાદેશિક વિકાસ પર નજર રાખવા અને ભારતીય અધિકારીઓ દ્વારા જારી કરાયેલ અપડેટેડ સલાહનું પાલન કરવાની પણ સૂચના  આપી છે.

ઇરાનમાં વસતા  ભારતીય નાગરિકો પાછા ફરવા માંગતા હોય તો તેમના માટે દૂતાવાસે ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઇટ અને ફેરી વિકલ્પોનો લાભ લેવા જણાવ્યું છે

. . . . . . . . . . . . . . . . . . . . .

# SATYAJIT RAY - BANGLADESH

ભારત સરકારે પ્રખ્યાત ફિલ્મ નિર્માતા સત્યજીત રેની પૈતૃક મિલકત તોડી પાડવાના નિર્ણય પર પુનર્વિચાર કરવા બાંગ્લાદેશને અપીલ કરી છે. ભારતે પણ આ પ્રતિષ્ઠિત ઇમારતને જાળવવામાં મદદનો પ્રસ્તાવ મુક્યો છે  મૈમનસિંઘમાં આ ઐતિહાસિક ઇમારત તોડી પાડવાના પગલાને ગંભીર દુઃખની બાબત ગણાવીને, ભારતે બાંગ્લાદેશને આ ઇમારત બંને દેશોની સહિયારી સંસ્કૃતિનું પ્રતીક કરતા સંગ્રહાલયમાં રૂપાંતરિત કરવા અનુરોધ કર્યો છે.

આ પ્રતિષ્ઠિત અને ઐતિહાસિક ઇમારત સત્યજીત રેના દાદા અને પ્રખ્યાત સાહિત્યકાર ઉપેન્દ્ર કિશોર રે ચૌધરીની હતી. હાલમાં બાંગ્લાદેશ સરકારની માલિકીની મિલકત જર્જરિત હાલતમાં છે. બાંગ્લાદેશી અધિકારીઓ દ્વારા આ ઇમારત તોડી પાડવામાં આવનાર હોવાના અહેવાલો બાદ વિદેશ મંત્રાલયની પ્રતિક્રિયા આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. RUSSIA- US TARIFF

રશિયાના વિદેશ પ્રધાન સેર્ગેઈ લાવરોવે રશિયા અને તેના સાથી દેશો પર 100 ટકા ટેરિફ લાદવાની યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીને નકારી કાઢી છે અને જણાવ્યું છે કે મોસ્કો વધારાના પ્રતિબંધોનો સામનો કરવા માટે સારી રીતે સજ્જ છે.

તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશનની વિદેશ મંત્રીઓની પરિષદની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા, લાવરોવે ભાર મૂક્યો કે રશિયા પહેલેથી જ અભૂતપૂર્વ સંખ્યામાં પ્રતિબંધો હેઠળ છે અને કોઈપણ નવા બોજનો સામનો કરવાની રાષ્ટ્રની ક્ષમતામાં વિશ્વાસ વ્યક્ત કર્યો.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર 50 દિવસની અંદર યુક્રેન યુદ્ધનો અંત લાવવાના કરાર પર સંમત ન થાય તો તેના પર 100 ટકા સુધીના ગૌણ ટેરિફ લાદવાની યોજનાની જાહેરાત કર્યા બાદ રશા દ્વારા આ પ્રતિક્રિયા આપવામાં આવી છે.

એક રશિયન સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, લાવરોવે અમેરિકાને સવાલ કહ્યો હતોકે યુક્રેન પર સમાધાન માટે 50 દિવસ ફાળવવાનો ટ્રમ્પનો અર્થ શું હતો. તેમણે આગળ ઉમેર્યુ હતું કે  અગાઉ પણ 24 કલાક અને 100 દિવસની સમયમર્યાદા અપાઇ હતી. લાવરોવે એમ પણ કહ્યું કે SCO દેશોએ પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગના ઈરાનના કાયદેસર અધિકાર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

.

# MORN. ISRAEL-GAZA

સોમવારે સાંજે કરવામાં આવેલા સૌથી ઘાતક હુમલાઓમાંના એક, ગાઝા પટ્ટીમાં 24 કલાકના સમયગાળામાં ઇઝરાયલી હવાઈ હુમલામાં 90 થી વધુ લોકો માર્યા ગયા. ગાઝાના આરોગ્ય મંત્રાલયે ગઈકાલે જણાવ્યું હતું કે, હુમલામાં 278 લોકો ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા.

તેલ અલ-હાવા જિલ્લામાં, એક જ પરિવારના 19 સભ્યો આ હુમલામાં માર્યા ગયા હતા અને ચાર લોકો આશ્રય શિબિરમાં માર્યા ગયા હતા. જોકે ઇઝરાયલી સૈન્યએ આ હુમલા પર કોઈ ટિપ્પણી કરી નથી.

. . . . . . . . . . . . . . . . . .

# PM-SKILL INDIA

સ્કીલ ઇન્ડિયા પહેલથી અસંખ્ય લોકોને ફાયદો થયો છે, તેમને નવા કૌશલ્યો અને તકોનું નિર્માણ કરીને સશક્તિકરણ મળ્યું છે તેમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે.

કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીની સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ આપતા, શ્રી મોદીએ જણાવ્યું હતું કે મિશનના દસ વર્ષ પૂર્ણ થતાં, સરકાર મિશન દ્વારા કુશળ અને આત્મનિર્ભર યુવા બળનું નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે આ મિશન દેશના યુવાનોને કુશળ બનાવવાના સંકલ્પને મજબૂત બનાવી રહ્યું છે જેથી ભારતના વિકાસ ભારતના સ્વપ્નને પૂર્ણ કરી શકાય.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AI APPRECIATION DAY

ભારતમાં આજે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પ્રશંસા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ વૈશ્વિક સ્તરે AI લેન્ડસ્કેપમાં દેશની વધતી જતી ભૂમિકાની ઉજવણી કરાઇ રહી છે. બેંગલુરુ અને હૈદરાબાદ જેવા ટેક હબથી લઈને ગ્રામીણ વિસ્તારો સુધી, AI દેશમાં આરોગ્યસંભાળ, શિક્ષણ, કૃષિ, શાસન અને ઉદ્યોગમાં પરિવર્તન લાવી રહ્યું છે.

AI માં ભારતની પ્રગતિ વર્ષોના આયોજન અને સમર્થનનું પરિણામ છે. સરકારના AI ફોર ઓલ વિઝન અને AI માટેની રાષ્ટ્રીય વ્યૂહરચનાનો હેતુ AI નો ઉપયોગ ફક્ત આર્થિક વિકાસ માટે જ નહીં, પરંતુ જીવન સુધારવા, સમાવેશ સુનિશ્ચિત કરવા અને સમાનતાને પ્રોત્સાહન આપવા માટે પણ કરવાનો છે.

ભારતની AI યાત્રા 1960 ના દાયકામાં પ્રારંભિક કમ્પ્યુટર વિજ્ઞાન સંશોધન સાથે શરૂ થઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-UTTARAKHAND-ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના પિથોરાગઢમાં થયેલા માર્ગ અકસ્માતમાં આઠના મોત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે, આ અકસ્માતામં અન્ય ચાર ગંભીર રીતે ઘાયલ થયા છે. પ્રધાનમંત્રીએ ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે અને આ દુર્ઘટનામાં પરિવારજનોને ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રીએ દરેક મૃતકના સગાસંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ઘાયલોને ૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે.

ગઈકાલે સાંજે પિથોરાગઢ જિલ્લાના મુવાની વિસ્તારમાં થલ-પિથોરાગઢ રોડ પર એક વાહન નદીમાં પડી જતાં આ અકસ્માત થયો હતો. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અકસ્માત અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને જિલ્લા વહીવટીતંત્રને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# BADMINTON

બેડમિન્ટનમાં, બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા પી.વી. સિંધુ, લક્ષ્ય સેન અને પુરુષોની ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રેંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી સહિત ભારતના ટોચના બેડમિન્ટન ખેલાડીઓ આજે ટોક્યોમાં જાપાન ઓપન સુપર 750 ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનનો પ્રારંભ કરશે.

ટુર્નામેન્ટમાં ભારતનું નેતૃત્વ કરી રહેલા સાત્વિક અને ચિરાગ, હાલમાં વિશ્વના 15મા ક્રમે છે. આ વર્ષની શરૂઆતમાં ઈજાગ્રસ્ત હોવા છતાં, તેઓ 2025માં ત્રણ સેમિફાઇનલ અને એક ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા છે. આજે સવારે પહેલા રાઉન્ડમાં તેઓ કોરિયાના કાંગ મીન હ્યુક અને કી ડોંગ જુનો સામનો કરશે.

. . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- અખબારોના મુખ્ય સમાચાર જોઇએ તો
- આજે તમામ અખબારોએ શુભાંશુ શુક્લાની પૃથ્વી પર પરત ફરવાના સમાચાર તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
- સંદેશે લખ્યું છે કે શુભાંશુનુ પૃથ્વી પર પુનરાગમન
- દિવ્ય ભાસ્કરની આજની હેડલાઇન છે અવકાશમાં ભારતની આશાનો સૂર્યોદય
- શુભમૂહુર્તમાં શુભાંશુનુ પૃથ્વી પર શુભાગમનની હેડલાઇન ગુજરાત સમાચારે બનાવી છે
- આ ઉપરાંત તમામ અખબારોએ યમનમાં ભારતીય નર્સ નિમિષાની રોકવામાં આવેલી ફાંસી, રશિયા ઉપર હુમલો કરો હથિયાર અમેરિકા આપશે તેવા ટ્રમ્પના નિવેદન , સમોસા જલેબી લાડુના પેકેટ પર ચેતવણી લખવાના અહેવાલને આરોગ્ય મંત્રાલયે ફગાવ્યો જેવા સમાચાર પણ પહેલાં પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- રાજ્ય અને સ્થાનિક સમાચારમાં
- રોંગ સાઇડ ડ્રાઇવિગ અંગે હાઇકોર્ટની લાલ આંખ, માંગરોળના આજકા કામનો પુલ અચાનક ધરાશાયી ઓગસ્ટ માસના અંતમાં વિધાનસભાનું ત્રિ દિવસિય સત્ર , સાબરડેરી ઘર્ષણ મામલે પૂર્વ ધારાસભ્ય,સહકારી આગેવાનો સહિતના ટોળા સામે ગુનાના સમાચાર તમામ અખબારોએ છેલ્લા પેજ ઉપર છાપ્યાં છે..

. . . . . . . . . . . . . . . . .